# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

Since 1954




**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા ASSOCHAM ના સંયુકત ઉપક્રમે MSMEs માટે નિકાસની તકોમાં વધારો કરવા અંગે માર્ગર્શન આપતો સેમીનાર યોજવામાં આવેલ...**

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા ASSOCHAM ના સંયુકત ઉપક્રમે Enhancing Export Opportunities for MSMEs in Saurashtra Region અંગે તા.૨૪-૬-૨૦૨૪ ના રોજ સેમિનાર યોજવામાં આવેલ. સેમીનારના પ્રારંભે રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ સૌને આવકારી MSME એકમો નિકાસમાં વૃધ્ધિ કઈ રીતે કરી શકે તેમજ સરકારશ્રીની વિવિધ યોજનાઓનો લાભ લઈ શકે અને નિકાસ દરમ્યાન પડતી મુશ્કેલીઓનું યોગ્ય નિરાકરણ લાવી શકાય તે શુભ આશયથી આ સેમિનાર યોજવામાં આવેલ છે. સંસ્થા દ્વારા વિવિધ સેકટરને લગતા અલગ-અલગ અવરનેશ સેમીનરો યોજવામાં આવે છે તો તેનો ખાસ લેવા જણાવેલ.

રાજકોટ જોઈન્ટ ડીજીએફટીશ્રી રોહિત સોનીએ નિકાસકારોને ડીજીએફટી તરફથી અલગ અલગ સ્કીમોમાંથી મળવાપાત્ર લાભ જેવા કે, ફોરેન ટ્રેડ પોલીસી, નિર્યાત બંધુ સ્કીમ, સ્ટેટસ હોલ્ડર સર્ટીફિકેટ, ઈન્ટરેસ્ટ ઈકવલાઈઝેશન સ્કીમ ઓન પ્રિ એન્ડ પોસ્ટ શિપમેન્ટ, માર્કેટ એકસેસ ઈનીસેટીવ સ્કીમ, ઓથોરાઈઝડ ઈકોનોમિક ઓપરેટર તેમજ નિકાસમાં રહેતી તકો-પડકારો અને આગામી સમયમાં ધ્યાનમાં રાખવા જેવી વિવિધ બાબતો અંગે પાવર પોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા માહિતી આપેલ.

MSME DFO રાજકોટના આસીસટન્ટ ડાયરેકટરશ્રીમતી સ્વાતી અગ્રવાલએ MSME ડિપાર્ટમેન્ટની વિવિધ સ્કીમો જેવી કે, પ્રધાનમંત્રી એમ્પલોયમેન્ટ જનરેશન પ્રોગ્રામ, ક્રેડિટ ગેરન્ટી સ્કીમ ફોર MSE, કલ્સ્ટર ડેવલોપમેન્ટ પ્રોગ્રામ, રાષ્ટ્રિય તથા આંતરરાષ્ટ્રિય એકઝીબીશનોમાં મળતા લાભ, ઉધમ રજીસ્ટ્રેશન તથા ZED સર્ટીફિકેટ દરેક એકમોએ ખાસ લેવા અંગે માહિતી આપેલ. ત્યાબાદ જીલ્લા ઉધોગ કેન્દ્રના ઈન્ડસ્ટ્રીઝ ઓફિસરશ્રી જયદિપ ફળદુએ માઈક્રો, સ્મોલ અને મિડીયમ એકમોના વર્ગીકરણનો ખ્યાલ આપી Aatmanirbhar Gujarat Schemes for Assistance to MSMEs અંગેની માહિતી આપેલ.

SIDBI રાજકોટના એજીએમશ્રી મનિષ શકયાએ SIDBI દ્વારા વિવિધ સ્કીમો અંતર્ગત એકમોને આપવામાં આવતી લોનની માહિતી આપેલ. તેમજ એક્ષપોર્ટ ઈમ્પોર્ટ બેન્ક ઓફ ઇન્ડિયા મુંબઈના ચીફ મેનેજર શ્રુતિ શીંદેએ બેન્કની વિવિધ સવલતો અને ઉભરતે સિતારે પ્રોગ્રામ અંગે જાણકારી આપેલ.

સેમીનારના અંતે રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખ તથા ASSOCHAM ગુજરાત કાઉનસીલ MSME કમિટીના ચેરમેનશ્રી પાર્થભાઈ ગણાત્રાએ ઉપસ્થિત સૌનો આભાર વ્યકત કરી વેપાર-ઉધોગકારોને કોઈપણ પ્રશ્ન કે સુચન હોય તો મોકલી આપવા જણાવેલ. સમગ્ર સેમિનારનું સંચાલન ASSOCHAM ગુજરાત કાઉનસીલના આસીસ્ટન્ટ ડાયરેકટરશ્રી દિર્ઘકુમાર સોનીએ કરેલ. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.